RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 335* Date: 02.10.2020 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### હાથરસ ગેંગરેપની શ્યાહી સુકાઈ નથી ત્યાં વધુ એક દુષ્કર્મની ઘટનાથી દેશમાં આક્રોશ

# ઉ.પ્રદેશમાં દુષ્મીઓ બેફામ: બલરામપુરમાં દલિત યુવતી સાથે ગેંગરેપ




## દુષ્કર્મીઓએ પીડિતાની કમર અને પગ તોડી નાંખ્યા, પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી,ભારે પોલીસ ફોર્સની વચ્ચે પીડિતાના કરાયા અંતિમ સંસ્કાર

*બલરામપુર,તા.૧*

હાથરસમાં સામૂહિક બળાત્કારના મામલે દેશમાં જુવાળ ફાટી નીકળ્યો છે આ દરમિયાન યુપીના બલરામપુરમાં દલિત યુવતી સાથે ગેંગરેપની ઘટના સામે આવી છે. ૨૨ વર્ષીય દલિત વિદ્યાર્થિની સાથે સામુહિક બળાત્કાર બાદ તેની કમર અને બંને પગ ભાંગી નાખ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થિનીને રિક્ષામાં બેસાડીને ઘરે મોકલી દેવાઈ હતી, જ્યાં થોડા સમય પછી તેને દમ તોડી દીધો હતો. આ કેસમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવાયો છે.

મૃતક મહિલાની માતાએ આરોપ લગાવ્યો છે કે પુત્રીને ઈન્જેકશન આપીને તેની પર ત્રાસ ગુજારવામાં આવ્યો અને બાદમાં કમર અને બંને પગ ભાંગી રીક્ષામાં બેસાડીને ઘરે મોકલી દીધી હતી, ત્યારબાદ તે કંઈ બોલી શકી નહોતી. તે ફક્ત એટલું જ કહેવામાં સક્ષમ હતી, 'ઘણી પીડા થાય છે, હવે હું બચીશ નહીં.' જોકે બલરામપુરના એસપી દેવ રંજન વર્માએ કહ્યું છે કે હાથ, પગ અને કમર તોડી દેવાની વાત સાચી નથી, કેમકે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આની પુષ્ટિ થઈ નથી.

આ દરમિયાન પોસ્ટમોર્ટમ બાદ મોડી રાત્રે પીડીતાના મૃતદેહને તેના ગામમાં લઈ જવામાં આવ્યો જ્યાં પહેલાથી જ મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું. મોડી રાત્રે જ પીડિતાના દેહના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા.

સુત્રોના જણાવ્યા અનુસાર ગેગરેપ બાદ મહિલાના આંતરિક અને બાહ્ય અંગોમાં ઘણી ઈજાઓ થઈ છે, જેના કારણે તેણીનું મોત નીપજયું હતું. આ ઘટના અંગે પોલીસ અધિક્ષક દેવ રંજન વર્માએ જણાવ્યું હતું કે આ કેસમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. બનાવની તપાસ કરવામાં આવી રહી છે. પકડાયેલા આરોપીઓ શાહિદ અને સાહિલ છે. બંને ગેસડીના રહેવાસી છે. મિત્રતાના બહાને દલિત યુવતી પર રેપ કરવાનો આરોપ છે.

હેવાનિયતની આ ઘટના બલરામપુરના ગેસડી કોતવાલી વિસ્તારની છે. યુવતીના પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો છે કે ૨૨ વર્ષની દલિત વિદ્યાર્થિની ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે બીકોમમાં પ્રવેશ મેળવવા માટે ઘરેથી નીકળી હતી પરંતુ તે પરત આી નહોતી. સાંજે પાંચ વાગ્યે તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સાંજના સાત વાગ્યે પીડિતા ગંભીર હાલતમાં રિક્ષા ઘરે પહોંચી હતી. તેની હાલત જોઈને ઘરના લોકોએ પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે દર્દથી પીડાઈ રહી હતી.

ગામના બે ડૉક્ટરોને પાસે લઈ ગયા બાદ પરિવારજનો યુવતીને લઈને સારવાર માટે જિલ્લા મથકે દોડી ગયા હતા. પરંતુ યુવતીનું થોડેક અંતરે મોત નીપજયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે યુવતી ઘરે પહોંચી ત્યારે તે કાદવમાં ભીંજાઈ ગઈ હતી અને તેના હાથમાં ગ્લુકોઝ ચઢાવવાનો વિગો હતો. પરિવારે ગામમાં જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે ખબર પડી કે ગામના એક યુવકે ગામના એક ડૉક્ટરને ઘરમાં યુવતીની સારવાર માટે બોલાવ્યો હતો.

પરિવારે આરોપ લગાવ્યો હતો કે જ્યારે યુવતી પચપેડવાની વિમલા વિક્રમ કોલેજમાં પ્રવેશ મેળવી પરત ફરી રહી હતી ત્યારે ગામના પથી ૬ છોકરાઓએ તેનું અપહરણ કર્યું હતું અને ગામના એક મકાનમાં લઈ જઈને ગેંગરેપ કર્યો હતો. જે રિક્શામાં યુવતીને ઘરે પહોંચાડવામાં આવી તેમાં લોહીના ડાઘા હતા.

જઘન્ય ગેંગરેપનો ભોગ બનનાર દલિત વિદ્યાર્થિની હોશિયાર હતી. લગભગ બે વર્ષ સુધી તેમણે એક સંગઠન દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી વિશે જાગૃત કરવા માટેનું કામ પણ કરતી હતી. ઘટના બાદ પોલીસે મહિલાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

કેસની ગંભીરતાનો અંદાજ એ પરથી લગાવી શકાય છે કે મહિલાનું પોસ્ટ મોર્ટમ ૪ સંયુક્ત જિલ્લા હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ હાઉસ ખાતે ૪ ડોકટરોની પેનલ દ્વારા કરાયું હતું. બલરામપુરના સીએમઓએ પણ પોસ્ટમોર્ટમ હાઉસ આવવું પડ્યું હતું.. મોડી સાંજે યુવતીનો મૃતદેહ પરિવારને સોંપાયો હતો.

### હાથરસ ગેંગરેપ

## પોલીસે ફેરવી તોળ્યું, રેપ નથી થયો બાદ હવે કહ્યું જબરજસ્તી થયાની પુષ્ટિ નહિ

*લખનૌ,તા.૧*

હાથરસ ગેંગરેપની ઘટનાને લઈને ઉત્તર પ્રદેશ પોલીસ પર ફરી એકવાર સવાલ ઉઠી રહ્યા છે. ઘટના બાદથી ચુપ હાથરસ પોલીસે પીડિતાના મોત બાદ કહ્યું હતું કે તેનો રેપ નથી થયો. હવે એસપીએ નિવેદન આપ્યું છે કે રિપોર્ટમાં જબરજસ્તી રેપ કરાયો હોવાની પુષ્ટિ નથી થઈ. તેમણે કહ્યું કે, તે લોકો ફોરેન્સિક તપાસ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે.

હાથરસ એસપીએ કહ્યું કે પીડિતાને અલીગઢની જવાહરલાલ નહેરૂ મેડિકલ કોલેજમાં એડમિટ કરાવાઈ હતી. ત્યાંની મેડિકલ રિપોર્ટમાં પીડિતાના શરીર પર ઈજાના નિશાનનો ઉલ્લેખ કરાયો છે, પરંતુ જબરજસ્તી સેક્સુઅલ ઈન્ટરકોર્સ (શારીરિક બળજબરી)ની પુષ્ટિ થઈ નથી.

એસપી વિક્રાંત વીરે કહ્યું કે, તે લોકો હવે ફોરેન્સિક તપાસ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે. અત્યાર સુધી ડોક્ટરોનું કહેવું છે કે તેઓ બળાત્કારની પુષ્ટિ નથી કરી શકતા. તેમને જયારે એફએસએલ રિપોર્ટ મળશે, તે બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય વિમાન સેવા પર ૩૧ ઓકટોબર સુધી રહેશે પ્રતિબંધ

*ન્યુ દિલ્હી,તા.૧*

આંતરરાષ્ટ્રીય કોમર્શિયલ વિમાની સેવાઓ પરનો પ્રતિબંધ ૩૧ ઓક્ટોબર સુધી વધારવામાં આવ્યો છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકએ આ માહિતી આપી હતી. ઢ્ચ્ઝ્છએ જણાવ્યું કે, કોરોના મહામારીને કારણે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પરનો પ્રતિબંધ ૩૧ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવ્યો છે. અગાઉ, ૩૦ સપ્ટેમ્બર સુધી નિયમિત આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ઢ્ચ્ઝ્છએ સ્પષ્ટ કર્યું છે કે કાર્ગો ફ્લાઇટ્સને પ્રતિબંધમાં છૂટ આપવામાં આવશે. ઉપરાંત, કેટલાંક રૂટ્સ પર વિશેષ વ્યવસ્થા સાથે નિયમિત આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સને મંજૂરી આપવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે દ્વિપક્ષીય કરારો હેઠળ કેટલાંક દેશો સાથે 'એર બબલ' વ્યવસ્થા હેઠળ ફ્લાઇટ્સને મંજૂરી આપવામાં આવી છે. સાથે જ, 'વંદે ભારત મિશન' અંતર્ગત આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ પણ કાર્યરત કરવામાં આવી શકે છે. દેશમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઇટનું નિયમિત કામગીરી ૨૨ માર્ચથી બંધ છે. લોકડાઉન દરમિયાન, ૨૫ માર્ચથી તમામ ડોમેસ્ટિક ફ્લાઇટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બે મહિના બાદ ૨૫ મેના રોજથી નિયમિત ડોમેસ્ટિક ફ્લાઇટ્સનું સંચાલન શરૂ થઈ ગયું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પર પ્રતિબંધ ચાલુ રાખવામાં આવ્યો છે.

## કામદારોને ઓવર ટાઈમ ચૂકવવામાંથી મુક્તિ આપતું જાહેરનામું સુપ્રિમે રદ કર્યું

*ન્યુ દિલ્હી/ગાંધીનગર,તા.૧*

કોરોનાની મહામારીને લઈને લોકડાઉનની શ્રમીકો અને કારખાના ફેકટરીમાં કામ કરતાં મજૂરોને સૌથી વધુ અસર થઈ છે. ત્યારે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારની મુશ્કેલીમાં વધારો કર્યો છે. સુપ્રીમ કોર્ટે ગુજરાતના મુખ્યમંત્રીને મોટો ઝટકો આપ્યો છે. ફેક્ટરીમાં મજૂરી ચુકવ્યા વગર ઓવરટાઈમ કરાવાને લઈને કોર્ટે સરકારની ઝાટકણી કાઢી છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને ફેક્ટરી લો અંતર્ગત કમાદારોનું દર કલાક દીઠ મહેનતાણું નક્કી કરી તે મુજબ ઓવરટાઈમ ચુકવવાનો આદેશ કર્યો છે. તેમને કલાક દીઠ અથવા ફીક્સ દરે મહેનતાણું ચુકવવા તાકીદ કરી છે.

સુપ્રીમ કોર્ટની જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ખંડપીઠે જણાવ્યું હતુ કે,મહામારીની ઈમરજન્સીમાં કાયદાનો ભંગ ન કરી શકાય અને મહામારીને આંતરિક કટોકટી કહી આ રીતે વગર મહેનતાણે કામ કરાવવું યોગ્ય નથી. દરેક કાયદાનું પાલન થવું જ જોઈએ. તેમણે ઉમેર્યું કે મહામારીમાં અર્થતંત્રમાં આવેલી મંદીનો આખો ભાર એકલા કામદારો પર મૂકી ન શકાય. જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની આગેવાની વાળી સુપ્રીમ કોર્ટની બેંચને રોગચાળો કહેવાશે નહીં કે રાષ્ટ્રની સુરક્ષાને ધમકી આપતી આંતરિક કટોકટી કહી શકાશે અને તેથી કાયદાની આવશ્યકતાઓને દૂર કરવા માટેનું એક કારણ.સુપ્રીમ કોર્ટનો ચુકાદાને મહત્ત્વનો છે કારણ કે આ મહામારીમાં ઘણા રાજ્યોમાં ફેક્ટરીઓમાં કામદારો પાસેથી ઓવરટાઈમ કરાવવામાં આવી રહ્યો છે એટલું નહી પરંતુ ઘણાને કામમાંથી પણ છુટા કરવામાં આવ્યા છે.

### નૌગામ સેક્ટરમાં પાકિસ્તાને મોર્ટાર મારો કર્યો, ૫ જવાન ઘાયલ

## પાકિસ્તાનની નફ્ફટાઈ: સરહદે ફાયરિંગમાં ભારતના ત્રણ જવાન શહિદ

*જમ્મૂ,તા.૧*

ચીન સાથેના સરહદી વિવાદ વચ્ચે હવે પાકિસ્તાન એલઓસી પર કરેલા સંઘર્ષ વિરામના ભંગમાં આજે ભારતીય સેનાના ત્રણ જવાનો શહિદ થયા છે. જયારે અન્ય ૫ જવાનો ઘાયલ થયા છે. ભારતીય સેનાના જવાનો પાકિસ્તાનને આકરો જવાબ આપી રહ્યાં છે. પાકિસ્તાની સેનાએ આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા સેનાની ચોકીઓને નિશાન બનાવીને મોર્ટાર મારો કર્યો હતો.

સેનાના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ઉત્તરી કાશ્મીરના કુપવાડા જીલ્લાના નૌગામ સેક્ટરમાં પાકિસ્તાન તરફથી અચાનક જ મોર્ટાર મારો કરવામાં આવ્યો હતો જેમાં ૨ જવાન શહિદ થયા હતાં અને અન્ય ૫ જવાનો ઘાયલ થયા હતાં. પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ઘાયલ જવાનોને સુરક્ષીત સ્થાને ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

સેનાના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ભારતીય સેના પણ પાકિસ્તાનને આકરો જવાબ આપી રહી છે. પાકિસ્તાની સેનાને પણ ભારે નુંકશાન પહોંચ્યુ છે. જોકે પાકિસ્તાન તરફથી કેટલા લોકોના મોત થયા તેની હજી ચોક્કસ માહિતી મળી નથી. આ અગાઉ ગઈ કાલે મોડી સાંજે પાકિસ્તાની સેના દ્વારા પુંછ સેક્ટરમાં સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરી ભારતીય ચોકીઓ પર ભારે ગોળીબાર કર્યો હતો. જેમાં એક જવાન શહિદ થઈ ગયા હતાં જ્યારે એક જવાન ઘાયલ થયા હતાં. જાહેર છે કે, સરહદે ભારતનો ચીન સાથે ભારે સંઘષ ચાલી રહ્યો છે. આ તકનો લાભ લઈને પાકિસ્તાન શિયાળા પહેલા ભારતમાં આતંકવાદીઓની ઘુષણખોરી કરાવવાના ઈરાદે સંઘર્ષ વિરામનો ભંગ કરી રહ્યું છે.

સેના તરફથી આના પર નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ છે, '૩૦ સપ્ટેમ્બરે લગભગ ૮ વાગીને ૩૦ મિનિટે પાકિસ્તાન તરફથી નાના હથિયારોથી ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ. કૃષ્ણા ઘાટી સેક્ટરમાં નિયંત્રણ રેખા પર મોર્ટાર્સથી થયેલી ફાયરિંગનો સેનાએ જવાબ આપ્યો છે.' આ પહેલા પાકે પુંછના મનકોટ સેક્ટરાં પણ નાના હથિયારોથી ફાયરિંગ કર્યુ હતુ. છેલ્લા ૮ મહિનામાં પાકિસ્તાને ૩૦૦૦થી વધુ વાર યુદ્ધ વિરામ ભંગ કર્યો છે, જે ૧૭ વર્ષમાં સૌથી વધુ છે.

## કેન્સલ થયેલી એર ટિકિટનું રિફંડ તાત્કાલિક આપવા સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યા

*ન્યુ દિલ્હી,તા.૧*

સુપ્રીમ કોર્ટે લૉકડાઉન દરમિયાન કેન્સલ થયેલી ટિકિટનું રિફંડ તાત્કાલિક આપવાનો આદેશ એરલાઈન્સને આપ્યો છે. કોર્ટે કહ્યુ કે લૉકડાઉન દરમિયાન મુસાફરીની એર ટિકિટ હતી તેના રૂપિયા તાત્કાલિક પાછા આપો.

જો લોકડાઉન બાદની મુસાફરી માટે ટિકિટ કેન્સલ કરાવવામાં આવી હોય તો પણ તેમના રૂપિયા ત્રણ અઠવાડિયાની અંદર પાછા આપવા જોઈએ. સુપ્રીમ કોર્ટે ડીજીસીએ દ્વારા ક્રેડિટ સેલના માધ્યમથી એરલાઈન્સ દ્વારા લોકડાઉન દરમિયાન રદ કરવામાં આવેલી ઉડાન પર યાત્રીઓને ટિકિટના રિફંડના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારનો પ્રસ્તાવ છે કે ટિકિટ જો એજન્ટે વેચી છે તો એર ટિકિટ માટે રિફંડ શેલ પણ એજન્ટના માધ્યમથી જ ઉપયોગ થવો જોઈએ.

તમામ મુસાફરોએ લોકડાઉન દરમિયાન ૨૫ માર્ચથી ૨૪ મે ૨૦૨૦ની વચ્ચે એર ટિકિટ બુક કરાવી હતી અને એરલાઈન્સે તેમની પાસેથી ડોમેસ્ટિક અથવા ઈન્ટરનેશનલ ફલાઈટ માટે ચૂકવણી પ્રાપ્ત કરી હતી પરંતુ જયારે ફલાઈટનું સંચાલન રોકી દેવાયુ તો આ યાત્રીઓએ પોતાની ટિકિટ કેન્સલ કરાવી દીધી અથવા તેમની ટિકિટ કેન્સલ થઈ ગઈ અને એરલાઈન્સ પાસેથી પોતાના રૂપિયા પાછા માગવા લાગ્યા. એરલાઈન્સ મુસાફરોને રૂપિયા આપવામાં આનાકાની કરવા લાગી અને રૂપિયાના બદલે તેમને ક્રેડિટ શેલ આપવા લાગ્યા જેના બદલામાં તેઓ ગમે ત્યારે ટિકિટ બુક કરાવી શકશે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ કે એરલાઈન્સે આ કેન્સલ ટિકિટના પૂરા રૂપિયા પાછા કરવા પડશે અને તે માટે કોઈ પણ કેન્સિલેશન ચાર્જ તે લગાવી શકશે નહીં. આ રિફંડ ટિકિટ કેન્સલ થવાના ત્રણ અઠવાડિયાની અંદર થવી જોઈએ. જો કોઈએ એજન્ટના માધ્યમથી લોકડાઉન પીરિયડ દરમિયાન મુસાફરી માટે ટિકિટ બુક કરાવી હોય તો તેના રૂપિયા તાત્કાલિક પાછા આપવા પડશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૫૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૩૮૭૬૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩૩૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૧૮૫૬૫**

### સર્વેમાં ચોંકાવનારો ખુલાસો

## કોરોનાને કારણે દેશમાં ૬૫ ટકા લોકોની આવક ઘટી, ૧૬ ટકા લોકોની આવક ઝીરો

*ન્યુ દિલ્હી,તા.૧*

કોરોનાના પાપે દેશના ૬૫ ટકા લોકોની આવકને પ્રતિકૂળ અસર થઈ હતી અને તેમાં પણ ૧૬ ટકા લોકો એવા હતા જેમની આવક પૂરેપૂરી ખતમ થઈ ચૂકી હતી.

તાજેતરમાં કરાયેલા એક સર્વેમાં આવો દાવો કરાયો હતો. પૈસાબાજાર નામની સંસ્થાએ કરેલા સર્વેમાં કોરોનાની અર્થતંત્ર પર થયેલી પ્રતિકૂળ અસરના આંકડા મળ્યા હતા. આ સર્વે મુજબ પાટનગર નવી દિલ્હી અને એનસીઆરમાં ૭૦ ટકા લોકોની આવકને પ્રતિકૂળ અસર થઈ હતી.

આ લોકોમાં ૧૬ ટકા એવા લોકો હતા જેમની આવક પૂરેપૂરી ખતમ થઈ ચૂકી હતી. બીજે ક્રમે બેંગાલુરુ આવ્યું હતું જ્યાં ૬૭ ટકા લોકોએ તેમની આવક ઘટી હોવાનું કહ્યું હતું જયારે ૧૨ ટકા લોકોએ પૂરેપૂરી આવક ગુમાવી હોવાનો દાવો કર્યો હતો. આંધ્ર પ્રદેશના હૈદરાબાદમાં આ આંકડા ૬૩ ટકા અને વીસ ટકા હતા, મુંબઈમાં ૬૩ ટકા અને ૨૬ ટકા હતા, ચેન્નાઈમાં ૫૨ ટકા અને નવ ટકા હતા.

દેશના ૩૭ શહેરોના કુલ ૮,૬૧૬ લોકોની પ્રતીકાત્મક પૂછપરછ કરાઇ હતી. આ એવા લોકો હતા જેમના પર સરેરાશ એક લાખ રૂપિયાનું દેવું હતું. લોન પરના વ્યાજની ચૂકવણી કરી શકે એવા લોકોના આંકડા આ મુજબ હતા- ચેન્નાઈમાં ૬૬ ટકા, હૈદરાબાદરમાં ૫૫ ટકા, દિલ્હી એનસીઆરમાં ૫૩ ટકા, બેંગાલુરુમાં ૪૯ ટકા અને મુંબઈમાં ૪૮ ટકા લોકો વ્યાજ ચૂકવવા સક્ષમ હતા.

આ સર્વેમાં સહભાગી થનારા ૫૬ ટકા લોકોએ કહ્યું હતું કે ક્રેડિટ કાર્ડનું બિલ ચૂકવવા માટે અમે મોરેટોરિયમનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ એવા લોકો હતા જેમાંના ૨૨ ટકા લોકોને લૉકડાઉનની કોઈ પ્રતિકૂળ અસર થઇ નહોતી. નોકરિયાતોમાં ૫૩ ટકા લોકોએ મોરેટોરિયમનો વિકલ્પ પસંદ કર્યો હતો. ૨૨ ટકા લોકો એવા હતા જેમણે પૂરેપૂરી આવક ગુમાવી દીધી હતી.

## જીએસટી વાર્ષિક રિટર્નની મુદત ૩૧ ઑક્ટોબર સુધી લંબાવાઈ

*ન્યુ દિલ્હી,તા.૧*

સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જીએસટી રિટર્ન અને ઑડિટ રિપોર્ટની મુદત એક મહિનો લંબાવીને ૩૧ ઑક્ટોબર સુધીની કરવાની જાહેરાત કરી હોવાનું સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટૅક્સિસ-સીબીડીટી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આચારસંહિતાને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ પાસે જરૂરી ક્લિયરન્સ મેળવ્યા બાદ સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જીએસટીઆર-૯ અને જીએસટીઆર ૯સીની મુદત ૩૦-૦૯-૨૦૨૦થી લંબાવીને ૩૧-૧૦-૨૦૨૦ કરી છે, એમ સીબીડીટીએ જણાવ્યું હતું.

# બાળવાર્તા નં ૩૪ ભણ્યો પણ ગણ્યો નહિ.




ત્રણ મિત્રો હતા રાજેશ્વર ઉર્ફે રાજુ,મંડેળેશ્વર ઉર્ફે મંડુ,વિશ્વેશ્વર ઉર્ફે વિશુ.ત્રણેના સ્વભાવ જુદા જુદા ત્રણેય તો પણ ખાસ મિત્રો.શાળાએ જવું ,રમતાં રમતાં ઝઘડી પડવું, તો ભણવા માટે બીજાના ગૃહકાર્યને જોઈ લખી નાંખવું.

આમ દિવસો જાય છે બધા મોટા થતાં ગયા , પછી સૌ સૌ ની અલગ અલગ જિંદગી ..કોઈ ક્યાંને કોઈ ક્યાં.બધા એ વચન લીધા કે સારૂ કમાયને વ્યવસ્થિત થશું પછી આ ગામની જે જે જરૂરિયાત હશે તે પૂર્ણ કરીશું.

ગામમાં ગોવિંદ માસ્તરને ગોપાલ માસ્તર બન્નેના આ પ્રિય વિદ્યાર્થીઓ.રાજુ ભણી ગણીને પ્રોફેસર થયો.

મંડુ ભણી ગણીને ડોક્ટર થયો અને વિશું ભણતા ભણતા લશ્કરમાં જોડાયો ને અત્યારે કમાન્ડર થયો.ત્રણે પોતપોતાના કામ પર લાગતા પહેલા ગામમાં આવ્યાને બધાને મળ્યા.પોતાના માસ્તરને મળવા ગયા.

માસ્તરે પ્રશ્ન કર્યો હવે તમે શું કરવા માંગો છો?

''રાજુએ પોતે શહેરમાં કોલેજમાં નોકરી લઈ લીધી છે.તેથી તે બે દિવસમાં નીકળી જશે'' એમ કહી પગે લાગ્યો.

મંડુએ કહ્યું કે ,''તેણે અહીંના જ સરકારી દવાખાનામાં કામ કરશે..'' એમ કહી તેણે પણ પગે લાગી માસ્તરના આશીર્વાદ લીધા.

વિશું પણ કહ્યું કે,''તેણે તો કાલે જ સરહદ પર જવાનો આદેશ છે તેથી દેશ સેવા કરવા નીકળી જશે.''એમ કહી તેણે બન્ને માસ્તરને સેલ્યુટ કરી.

હવે એ ત્રણેય નીકળ્યા ત્યારે ગોપાલ માસ્તરે ગોવિંદ માસ્તરને પૂછ્યું કે આમા કોણ ભણ્યો પણ ગણ્યો નહિ?

ગોવિંદ માસ્તરે કહ્યું,''રાજુ..!''

ગોપાલ માસ્તરે પૂછ્યું ,'' કેમ..? બોલો બાળકો કેમ..? તમે કહી શકો?

ગોવિંદ માસ્તરે સમજાવ્યું કે ,''ત્રણેયે નક્કી કર્યુ હતું કે ભણીને ગામ માટે કંઈક કરીશું.તો મંડુએ ગામમાં જ ડોક્ટર બની સેવા આપવાનું નક્કી કર્યુ,વિશું એ સૈનિક બની આખી જિંદગી દેશ સેવા એટલે એમાં પોતાનું ગામ પણ આવી જ જાય ને?તે બન્નેએ પોતાના ગામ માટે ઉંડાણથી વિચાર્યુ..જ્યારે રાજુએ પોતાના સિવાય કાંઈ જ વિચાર્યુ નહિ..તે ભણ્યો પણ ગણ્યો જ નહિ.''

તેણે ગામમાં શિક્ષક બની શાળામાં પોતાની સેવા આપી હોતતો ગામમાં ભણતર પણ ઊચ્ચ કક્ષાએ પહોંચ્યું હોત.બાળકો આજે બહુ જ સાંભળવા મળે છે કે

પરદેશ ભણવા જઈને ભારતીય બાળકો ત્યાંજ રહી જાય છે.તેઓ ભારતની ધરોહર છે .ભારતનું જ્ઞાન વિજ્ઞાન જો પરદેશનું થાય તો આપણો દેશ ક્યાંથી વિકાસ કરશે?

માટે ભારતને જરૂર વિકસીત કરો,ગામે ગામ તમારા જેવા બાળકોને તેમની હોશિયારીની, સમજદારીની જરૂરત છેલ્લ

કવિ શ્રી નર્મદનું એક કાવ્ય મને ખૂબ ગમે છે..

તમે પણ જરૂર વાંચજો..ને ગાજો

યા હોમ કરીને પડો
નર્મદ

સહુ ચલો જીવતા જંગ, બ્યૂગલો વાગે;
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.
કેટલાંક કરમો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે;
હજી સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે નવ સરે, અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિધ્ધિ જોઇ બળ લાગે.
યા હોમ.. સહુ ચલો.. યા હોમપ

સાહસે કર્યો પર્શુએ પૂરો અર્જુનને,
તે પરશુરામ પરસિધ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઈંદ્રજિત શૂર, હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગ્ત સહુ ભણે;
થઈ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે.
યા હોમ.. સહુ ચલો.. યા હોમપ

સાહસે કોલંબસ ગયો, નવી દુનિયામાં,
સાહસે નેપોલિયન ભીડ્યો યૂરોપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો પોપની સામાં,
સાહસે સ્કાટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ અમર સહુ જાગે,
યા હોમ.. સહુ ચલો.. યા હોમપ

સાહસે જ્ઞાતિનાં બંધ કાપી ઝટ નાખો,
સાહસે જાઓ પરદેશ બીક નવ રાખો;
સાહસે કરો વેપાર, જેમ બહુ લાખો,
સાહસે તજી પાખંડ, બ્હ્મરસ ચાખો;
સાહસે નર્મદા દેશ-દુઃખ સહુ ભાગે.
યા હોમ.. સહુ ચલો.. યા હોમપ

જયશ્રી પટેલ

# કોરોના સંકટ જોતા આ વખતે નહિ યોજાય રૂપાલ પલ્લીનો મેળો

રૂપાલ,તા.૧

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત છે, ત્યારે આ સંકટ સમયે ઘણા મેળાવડા રદ કર્યા છે. ત્યારે વધુ એક મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે જેમાં ગાંધીનગરના રૂપાલ ગામમાં દર વર્ષે યોજાતી વરદાયીની માતાની પલ્લી આ વર્ષે નહી યોજાય. ઉલ્લેખનીય છે કે કોરોના સંકટને જોતા ગ્રામજનોની અનુમતીથી આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. માતાજીની આ પલ્લીમાં હજારો કિલો ઘી ચઢાવવામાં આવે છે. જેમાં લાખો ભાવિકો પોતાની માનતા પુરી કરે છે, નોંધનીય છે કે રસ્તા પર ઘીની નદીઓ વહેતી હોય છે. પલ્લીના ઈતિહાસ પર નજર કરીએ તો,દ્વાપર યુગમાં પાંડવોએ ગુપ્તવાસમાં જતાં પહેલાં પોતાના શસ્ત્રો ખીજડાના એક વૃક્ષની નીચે સંતાડયા હતા. આ શસ્ત્રોની રક્ષા માટે તેઓએ વરદાયિની માતાની પ્રાર્થના કરી હતી. જંગલોની વચ્ચે ઘેરાયેલા રૂપાલ પંથકમાં ખીજડાના આ વૃક્ષની નીચે માતાજીની દેરી હતી.

ગુપ્તવાસ પુરો કરી પાંડવો વિરાટનગર એટલે કે હાલના ધોળકામાંથી પરત ફરી શસ્ત્રો લેવા રૂપાલ આવ્યા ત્યારે શસ્ત્રોની પૂજા કરી તેમણે પાંચ દિવાની જ્યોતવાળી પલ્લી બનાવી માતાજી પાસે મૂકી હતી. ત્યાર બાદ હસ્તીનાપુરના યુદ્ધમાં વિજય મેળવ્યા બાદ કૃષ્ણ સાથે પાંડવો અહીં આવ્યા હતા અને સોનાની પલ્લી બનાવીને ગામમાં નિકાળી હતી. નવરાત્રીના નોમની મધરાત્રી બાદ લગભગ તમામ જ્ઞાતિ-કોમના સાથ-સહકારથી નિકળતી આ પલ્લીના દર્શન માટે તથા પલ્લીમાં ચોખ્ખા ઘીનો અભિષેક કરવા માટે ગામે ગામથી ભક્તો આવતા હોય છે.આ જગવિખ્યાત પલ્લી પ્રસંગે મેળો પણ રૂપાલ ગામમા પણ યોજાય છે પરંતુ આ વખતે કોરોનાનું સંક્રમણ ન થાય તે માટે પલ્લીનો મેળો યોજાશે નહીં તેવો નિર્ણય ગ્રામજનોની અનુમતીથી લેવાઇ ગયો છે ત્યારે મેળો ભલે ન યોજાય પરંતુ મહાભારતકાળથી ચાલી આવતી પલ્લીની પરંપરા જળવાઇ રહે તે માટે ભક્તોની લાગણી અને માંગણી ઉઠી છે. આ અંગે સ્થાનિક સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, આ વખતે નવરાત્રીની નોમ તા.૨૫ ઓક્ટોબરના રોજ છે ત્યારે આ નોમની મધરાત્રી બાદ પરંપરાગતરીતે એટલે કે,

પુર્ણ ધાર્મિકવિધી સાથે પ્રતિકાત્મક પલ્લી ગામમાં નિકળે તે જરૂરી છે ગામમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઇ રહે તથા ફરજીયાત માસ્ક સહિતના સરકારના તથા કોવિડના તમામ નિયમોનું પાલન કરીને ગામને બહારથી બ્લોક કરીને ગ્રામજનોની હાજરીમાં ગામના પરંપરાગત રૂટ પર પલ્લી વિધીવતરીતે ફરે અન ચોખ્ખાઘીનો પ્રતિકાત્મક અભિષેક પણ થાય તેવી માંગણી ઉઠી છે. આ બાબતે કલેક્ટર અને ગ્રામજનો તથા પલ્લીના વિવિધ મંડળો સાથે ચર્ચા વિચારણા આગામી દિવસોમાં કરવામાં આવશે અને ત્યાર બાદ કોરોનાનું સંક્રમણ વધે નહીં અથવા તો તે વખતની કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પરંપારાગત પ્રતિકાત્મક પલ્લી નિકાળવા અંગે નિર્ણય લેવામાં આવશે પરંતુ હાલની સ્થિતિએ આંતિરક સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે રૂપાલની પલ્લીનો મેળો કોઇ પણ સંજોગોમાં યોજાય તેમ નથી.એટલુ જ નહીં, નવારીત્રી દરમિયાનના દિવસોમાં ગામમાં દુકાનો પણ બંધ રાખવાની વિચારણા ચાલી રહી છે જેથી ગામમાં વધતો જતો કોરોનાનો ચેપ કાબુમાં લઇ શકાય.




# ૩૫૫ કરોડના ખર્ચે સુરત એરપોર્ટનું આધુનિકરણ કરાશે

સુરત,તા.૧

વડાપ્રધાનના હસ્તે ખાતમુહૂર્ત કરાયેલા સુરત એરપોર્ટ વિસ્તરણ પ્રોજેક્ટની કામગીરી ઝડપી બનાવી દેવાઈ છે. સુરત એરપોર્ટ પર રૂપિયા ૩૫૫ કરોડના ખર્ચે પાર પાડવામાં આવનારા વિસ્તરણ પ્રોજેક્ટ હેઠળ વિમાન પાર્કિંગ એપ્રનની સંખ્યા પાંચથી વધારીને ૨૩ કરવામાં આવશે. ઉપરાંત વર્તમાન રન-વેની સમાંતર ટેક્સી ટ્રેક તૈયાર કરવામાં આવશે. સુરત એરપોર્ટ સાથે સંકળાયેલાઓ મુજબ, સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ ઉડાન ભરી રહી છે. સુરત એરપોર્ટથી સતત મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાઈ રહ્યો છે. આ તબક્કે સુરત એરપોર્ટની વિસ્તરણ કામગીરી હાથ ધરવામાં આવી છે. વર્તમાન ટર્મિનલ બિલ્ડિંગના વિસ્તરણની કામગીરી ચાલી જ રહી છે. તે સાથે અન્ય કામગીરી પણ પ્રોજેક્ટમાં સાંકળી લેવાઈ છે. રૂપિયા ૩૫૫ કરોડના ખર્ચે સુરત એરપોર્ટ પર વિસ્તરણ કામગીરી હાથ ધરવામાં આવી છે.જે અંગે બુધવારના રોજ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ટ્વીટ કરીને સુરત એરપોર્ટના નવા અવતારના ફોટા તથા તથા તે અંગેની વિગતો રજૂ કરી હતી.

# શું આજે ખરેખર માનવતા મરી પરવારી છે?

નમ્રભાવે એક વિનંતિ. આજની મારી આ પોષ્ટને કોઈપણ પ્રકારના રાજકીય ચશ્માથી કે કોઈપણ પ્રકારના સંકુચિત વિચાર કે સંપ્રદાયના ચશ્મા પહેરીને ન વાંચવા નમ્રભાવે પ્રાર્થના. હું દલિત નથી તેમજ અન્ય બીજું કોઈ વિશેષણ હું મારી જાતને લગાડવા ઈચ્છતો નથી. હું એક માત્ર માણસ છું અને આ દેશમાં જન્મ્યો છું, તેથી ભારતનો નાગરિક છું.

ઉત્તરભારતમાં એક દીકરી ઉપર બળાત્કાર થાય, બળાત્કાર પછી કંઈ બોલી ન શકે એટલા માટે તેની જીભ કાપી નાખવામાં આવે. એ હલન - ચલન પણ ન કરી શકે, એટલા માટે તેની કરોડરજ્જુને પણ તોડી નાખવામાં આવે. આ તે કેવી રાક્ષસી વૃત્તિ! સમજ્યા કે, રાક્ષસી વૃત્તિના લોકોએ બળાત્કાર અને જઘન્ય કૃત્યો કર્યા અને આ અમાનવીય દુર્ઘટના ૧૪ સપ્ટેમ્બરના રોજ બને અને છાપા દ્વારા ખબર પડે કે ન સમાચાર ચેનલો દ્વારા ખબર પડે! અમિતાભ બચ્ચન કોરોના વાયરસ દરમિયાન પોતે પોતાની રીતે શૌચક્રિયા કરવા બાથરૂમ જાય, તો મીડિયા આવી ઘટનાને હેડ લાઈનમાં વાર:વાર પુનરાવર્થન કરીને દર્શકોનું/ વાંચકોનું માથું દુખાવે. આ આ દીકરી ઉપર આટલો અમાનુષી ત્રાસ ગુજરે અને મીડિયાનું મોઢું કેમ બંધ થઈ જાય છે. શું દીકરી માનવ ન હતી? ૨૯ સપ્ટેમ્બરે દીકરી દેહ છોડે અને તેની ડેથબોડીને પરિવારને ન સોપતા રાત્રે બે વાગ્યે પોલિસ તેના પરિવારજનોનો વિરોદ્ધ હોવા છતાં અગ્નિસંસ્કાર કરી નાખે!

શું આજે ખરેખર માનવતા મરી પરવારી છે? આવી દીકરીને માટે એક અબજ અને પાત્રીસ કરોડની જનસંખ્યામાંથી કોઈને આ દીકરી માટે સંવેદનાનો એક શબ્દ પ્રગટ કરવા પુરતી માનવતા ન પ્રગટી? સંપૂર્ણ જગત બ્રહ્મમય છે, આવા ઢોલ વગાડતા ધાર્મિક સમાજને આ દીકરીએ જે પીડા ભોગવી તેનો કોઈ એહસાસ જ ન થયો? સર્વત્ર અલ્લાહ હોવાની બાંગ મારનાર સમાજને આ દીકરીની વેદનામાં અલ્લાહનો અવાજ ન સંભળાયો? સર્વશૂન્ય છે/ સર્વપૂર્ણ છે, આવૌં કહેનારા બૌદ્ધોને આ દીકરીની પીડાની ચીસો સંભળાણી જ નહીં? અહિંસા પરમો ધર્મ કહેનાર જૈનોને આ દીકરીના ખૂનમાં હિંસાના દર્શન જ ન થયા? જે રામે અહલ્યાનો ઉધ્ધાર કર્યો અને મોટા અવાજે બોલતા જયશ્રી રામ બોલનારને આ દીકરીનું રુદન સંભળાયું નહીં? જ્યાં જ્યાં શોષણ અને અન્યાયને જોયો, ત્યાં મહાત્મા ગાંધીએ અહિંસક સત્યાગ્રહ કર્યો, આ ગાંધીની સાર્ધ શતાબ્દીની ઉજવણી પ્રસંગે કોઈ ગાંધીજનને આ દીકરીને થયેલો અન્યાય દેખાણો જ નહીં? સ્રી સશક્તિકરણની વાતો કરનાર લોકોને આ દીકરીમાં સ્રીત્વના દર્શન જ ન થયા? અન્યાયને દૂર કરવો, ન્યાય આપવો અને માનવતાનું સર્જન કરવું, એ તો કોઈપણ સમયના કોઈપણ સત્તાધીશોની આ પ્રાથમિક ફરજ છે, સત્તાધીશોને આ દર્દ દેખાણું જ નહીં?

આપણે કેવો સમાજ ઉભો કરી બેઠા છીએ? માનવતાને બદલે પાશવતાને પોષણ મળે! આ ઘટનાથી જે સંવેદનશૂન્યતાનાં દર્શન થયા છે, એનાથી તો એમ કહેવાનું મન થાય છે કે, આપણો આત્મા મરી પરવાર્યો છે. આપણી માણસાઈ મરી પરવારી છે.

આપણે માણસાઈ વિનાના માણસો બની ચૂક્યા છીએ. આપણને રામનું કે કૃષ્ણનું નામ લેવાનો નૈતિક અધિકાર છે?! જે આપણાં બંધારણે સમાજવાદી સમાજ વ્યવસ્થાનો આદર્શ રાખ્યો છે, તેની નજીક પહોંચવાને બદલે તેનાથી વિરુદ્ધ દિશાએ ગતિ કરી રહ્યા છીએ. ક્યાં ગઈ ઉપનિષદની ઘોષણા , ઉત્તિષ્ઠ જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધિત? આપણે દંભી અને પાખંડી બન્યા છીએ.

# ફાઇવ સ્ટાર ગુજરાતી પોસ્ટ

**ટ્રેનનો ડબ્બો સળગ્યો, કોમી રમખાણો થયા, ૪૭૦૦૦ બળાત્કાર થયા, ફેટ એન્કાઉન્ટર થયા, પુલવામાં કાંડ થયો, ભુતકાળમાં એક ઈન્ડિયન મુજાહિદ્દીન નામનું આતંકવાદી સંગઠન સક્રિય થયેલુ તે અચાનક ખોવાય ગયુ, અમદાવાદ સુરતમાં ઠેર ઠેર બોંબ મુકાયેલા ઝડપાયા, અમદાવાદમાં ટીફીન બોંબ ફાટયા, ગૃહમંત્રી હરેન પંડયાની હત્યા, અન્ય અનેક બનાવો એક પછી એક બનતા રહ્યા.. સામુહિક બળાત્કારની ઘટનાઓ બે પાંચ કે દસ દિવસની જાહેર ચર્ચા પછી પ્રજા ભુલી જવાની છે..શંકાસ્પદ રીતે ઇવીએમથી ચૂંટણી જીતાય છે, જ્યાં જુઓ ત્યાં ફક્ત વધુને વધુ ખતરનાક અપરાધીઓ લોકસભા અને વિધાનસભાઓમાં સતા ભોગવે છે, દેશની મોટા ભાગની જાહેર સંપતિ ખાનગી કંપનીઓને વેચાય ગઇ, દેશની જનતાની બચતના બેંકોમાં પડેલા લોન પેટે ધિરાણ થયેલા ? ૧૬,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ? સોળ લાખ કરોડ લુંટાવી દિધા, ચારેતરફથી દેશ બરબાદ થયો, જાતીવાદ અને કોમવાદના આંતરિક આંતકવાદમાં સમાજ વ્યવસ્થાને જડમુળથી નિકંદન કાઢી નાખ્યું, અનેક નિર્દોષ લોકોની લાશો પડી ચુકી છે છતાં પણ જો પ્રજા ઉભી થતી ના હોય તો આ દેશમાં બળાત્કાર પણ કદાચ ફેશન અથવા તો બહાદુરીનું કૃત્ય બની જશે ..જનતા કચડાવા અને પીડાવા માટે પેદા થતી હોય એવો માહોલ અને પંગુતાભરી સ્વાર્થી નીચતા છે ભારતમાં શિક્ષિત લોકો નથી ફક્ત સોશિયલ મિડિયા ઉપર મન બહેલાવતા ભ્રમિત લોકોનો જનસમુહ છે..દેશની કોલેજો અને યુનિવર્સિટીઓ બંધ કરી દેવી જોઇએ..કારણકે કરોડો લોકોને મળેલુ શિક્ષણ વ્યર્થ ગયુ છે.રાજકારણનો ભોગ બનવામાં સૌથી વધુ શિક્ષિતો છે સત્યથી ગુમરાહ થનારા બધા શિક્ષિત છે.. આ બધી સમસ્યાઓનો ઉકેલ બે મુદા ઉપર છે,**

**(૧) જનતા કરવેરા ભરે છે તેના બદલામાં મતદાન કરે છે એટલે મતદાન કરવાની લેખીત રસીદ મળવી જોઇએ,**

**અર્થાત...મતદાન ફક્ત મતદાનપત્ર ઉપર થવુ જોઇએ અને મતદારને મતદાન કર્યાની રસીદ મળવી જોઇએ.**

**(૨) નાગરીક સમાનતા હોવાથી એકવાર ચૂંટણી જીતેલા ઉમેદવાર પાંચ વર્ષ સતા ભોગવે તે ઉમેદવાર અને તેના પરીવારના સભ્યોને ફરી ઉમેદવારી કરવા ઉપર પ્રતિબંધ હોવો જોઈએ..રીપીટ સિસ્ટમ નાબુદ થવી જોઇએ.**

**(૩) પુરુષ જેટલી મહિલા મતદારો હોય છે એટલે લોકપ્રતિનિધિની દરેક વ્યવસ્થા, રાજસભા, લોકસભા, ધારાસભા, મહાનગરપાલીકા, નગરપાલીકા, પંચાયતો, સહકારી સંસ્થાઓમાં ૫૦% મહિલા સમાનતા હોવી જોઇએ.**



અમદાવાદના સોલા વિસ્તારમા થી પીસીબીએ વિદેશી દારૂ ઝડપાયો એક આરોપીની ધરપકડ,૨૭૪ દારૂની બોટલ સાથે એક આરોપીની ધરપકડ,દારૂ ની કિંમત ૧.૬૨.૪૯૪ રૂપિયા,કુલ મુદામાલ ૬.૭૩.૧૯૪ રૂપિયા

# સાહિત્ય સરિતા

**હાથરસમાં સામુહિક બળાત્કારની / અપમૃત્યુની બનેલી ઘટના સામે**

**'આક્રોશ કાવ્ય'**

**બળાત્કારીઓને જીવતાં સળગાવો તો સાચાં**
**પાપીને એની જ ભાષામાં સમજાવો તો સાચાં**
**બળાત્કારીઓને જીવતાં સળગાવો તો સાચાં**
**શેરીએ શેરીએ લૂંટાય છે હવે દ્રૌપદીનાં ચીર**
**સંભવામિ કહેનાર કૃષ્ણને બોલાવો તો સાચાં**
**આ કેન્ડલ,આ પ્લે કાર્ડ, આ ડિજિટલ આક્રોશ**
**ફાંસીનાં પરિણામ સુધી ના ભુલાવો તો સાચાં**
**પડોશ નહીં ઠારો તો ભરખશે તમનેય આ આગ**
**દરેક બચ્ચીમાં ખુદની દીકરી નિહાળો તો સાચાં**
**વિકારીની આંખ સ્થળ ઉપર જ ફોડે તે જ મર્દ**
**બાકી શિખંડી આ લવારાં અટકાવો તો સાચાં**
**કર્મ નહીં મૂકે,પહોંચશે તારી બેન-દીકરી સુધીય**
**પોતાનાં ભાઈ-દિકરાને ગળે ઉતરાવો તો સાચાં**

**મિત્તલ ખેતાણી(રાજકોટ)**

---

**ઉપવસ્ત્રનો ત્યાગ**

**૧૫૧ જન્મજયંતિ નિમિત્તે...**

**તેમનો જન્મ પોરબંદરમાં ૨ ઓક્ટોબર, ૧૮૬૯ ના દિવસે થયો હતો, જ્યારે તેમની માતાનું નામ પુતળીબાઇ અને તેમના પિતાનું નામ કરમચંદ ગાંધી હતુ. ગાંધીજી એક વૈષ્ણવ કુટુંબમાં જન્મ લીધો હતો અને વકીલાતના અભ્યાસ માટે તેઓ ઇંગ્લેંડ ગયા હતા. તેઓ ૧૯૧૫ માં ભારત પાછાં આવ્યા હતા. ત્યાર બાદ એમણે ૧૯૧૫માં ૨૫ મેના દિવસે અમદાવાદમાં આવેલાં કોચરબમાં 'સત્યાગ્રહ આશ્રમ'ની સ્થાપના કરી હતી.**

**ગોખલે ના કહેવાથી તેમણે પહેલા ભારત ભ્રમણ કર્યુ. ક્યાંક પગે ચાલતા ને ક્યાંક તે સમયની ટ્રેન માં,એકવાર તેઓ જયારે નદીપરના પુલ પરથી જતી રેલ્વે ટ્રેક પરની ખરાબી ને કારણે અટકેલી ટ્રેનમાંથી નદીકિનારે પાણીમાં હાથ મોં ધોઈ રહ્યા હતા ને તે સમયે જ નદીમાં એક સ્ત્રી ને જોઈ જેના શરીર પર ફાટલી સાડી હતી,કબજો તો હતો જ નહિ,કહી શકાય કે એક મા,બહેન સમાન સ્ત્રી જે અર્ધનગ્ન અવસ્થામાં ફિક્કા ચહેરાને ધોઈ રહી હતી તે ભારત ની મા ભારતીના પ્રતીક સમાન તેમને દ્રષ્ટિમાન થઈ. તેમણે પોતાના શરીર પરનું વસ્ત્ર નદીમાં વહાવી તે સ્ત્રી તરફ વહેવડાવી દીધું ,વસ્ત્ર વહેતા વહેતા તે સ્ત્રી સમીપ પહોંચ્યું ને જે ઝડપથી એણે તે ઉપાડી લીધું ને પોતાનું અંગ ઢાંક્યું એ થોડી ક્ષણોમાં જ આ મહાત્માનો આત્મા નિર્ણય કરી ઉઠ્યો ''અંગ પર ઉપવસ્ત્ર ક્યારેય અંગિકાર નહિ જ કરૂ ને..ન ટાઢ ન તડકો જોયો એ આત્માએ...અંતિમ ક્ષણ સુધી ચરખો કાંત્યો ,વસ્ત્ર વણ્યા પણ ઉપવસ્ત્ર તો ત્યાગ્યું જ,અંતે ગોળી વાગી તો પણ ન હતું વસ્ત્ર...એ આત્મા કેટ કેટલું કહી ગયા .**

**પાઠશાળાના અભ્યાસક્રમમાં સત્યનાપ્રયોગોના પહેલા પચ્ચીસ પ્રકરણ ભણાવતી હતી ત્યારે અચુક વિદ્યાર્થીઓ ને સાચી સત્યતા ને નિષ્ઠા માટે આ દાખલો આપતી.ત્યારે વિદ્યાર્થી ને સાચા ગાંધીનો પરિચય થતો.સત્યાગ્રહ કે અંહિસા આંદોલન કરતા પણ હૃદય ને સ્પર્શી ગયેલો આ પ્રસંગ લખવાનું કારણ આજે એટલું જ છે કે આજે બજારો કપડાં થી ઉભરાય છે પણ એટલાંજ નિવસ્ત્ર બાળકો,પુરૂષો કે સ્ત્રીઓ પણ ઠેરઠેર દ્રષ્ટિમાન છે.શું ભારતનો એક એક માનવ જીવ તેમના કબાટો માંથી એક એક વસ્ત્ર આજે દાન ન કરી શકે ?કેટલાય નિવસ્ત્ર ને વસ્ત્ર મળી જશે.**

**સમજાય ને વંચાય તો જરૂર મારી આ ભાવના સમજી વસ્ત્રનું નાનું દાન તમારા જ અઢળક વસ્ત્રો માંથી ગાંધીજીના જન્મ દિવસે કરી આવશો. જરૂર તેમના ઉપવસ્ત્રના ત્યાગ ને આત્મ સંતોષ પ્રાપ્ત થશે.??**

**જયશ્રી પટેલ**

**૨/૧૦/૨૦૨૦**



## અરવલ્લી VCE કર્મચારીઓની હડતાલ ખેડૂતોને કોરોનાના સંક્રમણમાં ધકેલી શકે છે...!!

# VCEને પીએમ કિસાન અને કૃષિ સહાયના કોમ્પ્યુટર ઓપરેટર્સને ૨૭.૭૯લાખની ચુકવણી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



સમગ્ર ગુજરાતમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે નોંધણી ૧ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી છે, આ વચ્ચે ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર હળતાળ પર ઉતરી જતાં ખેડૂતોના પડતા પર પાટુ માર્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હોય તેવું લાગી રહ્યું છે. વહેલી સવારથી જ ખેડૂતો ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે નોંધણી કરાવવા જિલ્લાના વિવિધ માર્કેટ યાર્ડ ખાતે વહેલી સવારે ૬ વાગ્યાથી પહોંચી ગયા હતા, જો કે, ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર્સની હળતાળને પગલે ખેડૂતોએ હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. અરવલ્લી જિલ્લામાં ૨૯ સપ્ટેમ્બરના રોજ જિલ્લાની વિવિધ પંચાયતમાં કામ કરતા કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા વિવિધ માંગ સાથે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપી ટેકાના ભાવે મગફળીની ખરીદીનું રજિસ્ટ્રેશન નહીં કરવાની ચિમકી ઉચ્ચારી હતી. કોમ્પ્યુટર ઓપરેટર્સની માંગ હતી કે, તેઓને વીમા કવચ પુરૂ પાડવામાં આવે, કમિશન પ્રથા બંધ કરી પગાર ધોરણ નક્કી કરવું આ સાથે જ અગાઉનું પી.એમ.કિસાન, કૃષિ સહાય સહિતની નોંધણીનું ચુકવણું તાત્કાલિક કરવામાં આવે. આ વચ્ચે અરવલ્લી જિલ્લાના કોમ્પ્યુટર ઓપરેટર્સને કૃષિ સહાય પેકે અંતર્ગત ૬ લાખ, ૨૪૦ રૂપિયા જયારે પીએમ કિસાન યોજના અંતર્ગત ૨૦ રૂપિયા લેખે ૨૧ લાખ ૭૫ હજાર ૭૮૦ રૂપિયાની ચુકવણી કરી દેવાઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે ,તેમ છતાં કોમ્પ્યુટર ઓપરેટર્સની મનમાનીને કારણે ખેડૂતોએ હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર્સ નાણાં ચુકવણી કરવાના આક્ષેપ સાથે હળતાળ કરી રહ્યા છે, જેની સામે ખેતીવાડી વિભાગ દ્વારા કોમ્પ્યુટર ઓપરેટર્સને પીએમ કિસાન અને કૃષિ સહાય પેકેજના નાણાં ચુકવી દેવાયા છે, જો કે આ વચ્ચે ખેડૂતોની હાલત કફોડી બની હોય તેવું લાગી રહ્યું છે. કોમ્પ્યુટર ઓપરેટર્સ પોતાની માંગને કારણે હાલ ખેડૂતો કોરોનાના સંક્રમણમાં ધકેલાઈ રહ્યા છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કોમ્પ્યુટર ઓપરેટર્સ ભલે હળતાળ પર ઉતરી ગયા હોય, પણ તંત્ર દ્વારા કોઈપણ ભોગે ખેડૂતોના રજિસ્ટ્રેશનની કામગીરી નહીં અટકવા દે અને ટૂંક સમયમાં અન્ય કોમ્પ્યુટર ઓપરેટર્સ ની વ્યવસ્થા કરવાની કામગીરીમાં લાગ્યું છે

ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર્સ હાલ ભલે પોતાની માંગ સાથે હળતાળ પર ઉતરી ગયા હોય, પણ ખેડૂતોની હાલત દયનિય બની છે. જે ખૂબ ચિંતાનો વિષય છે. તંત્ર દ્વારા ખેડૂતોની હાલાકી ઓછી થાય તે માટે કામે લાગી ગયું છે, પણ જે તંત્ર દ્વારા કોમ્પ્યુટર ઓપરેટર તરીકેની કામગીરી પોતાના જ ગામમાં કામ કરવાની તક આપી હોય તે આજે નારાજ બેઠા છે, જેની સીધી અસર ખેડૂતોને થઇ રહી હોય તેવું લાગી રહ્યું છે.

# વિશ્વ વિખ્યાત કથાકાર જીગ્નેશ દાદાની તબિયત નાદુરસ્ત, મહામૃત્યુંજય જાપ શરૂ કરાયા



સ્વાસ્થ્યના સમાચાર મળતા તેમના પ્રશંસકોમાં ઉંડા દુઃખની લાગણી વ્યાપી ગઈ છે. હાલ જગવિખ્યાત કથાકાર જીગ્નેશ દાદાના સ્વાસ્થ્યને ધ્યાને લઇ મહામૃત્યુંજય મંત્રના જપ યજ્ઞ શરૂ કરવામાં આવ્યા છે. મંત્ર શક્તિમાં અદભૂત તાકાત છે એ આધારે મહામૃત્યુંજય જાપ તેમના અનુયાયીઓ દ્વારા શરૂ કરાયા છે.

કોરોના વાઈરસનું સંક્રમણ રાજ્ય, દેશ સહિત સમગ્ર વિશ્વમાં ખુબ જ વધી રહ્યું છે અને વાઈરસની હજુ સુધી કોઈ અસરકારક રસી શોધાઈ શકી નથી. અત્યારે તો માસ્ક પહેરવું એ જ વેક્સિન છે. આમ છતાં ઘણા લોકો બેદરકારી દાખવી પોતાની જાતને અને પરિવારને પણ જોખમમાં મૂકે છે. રાજયમાં સામાન્ય માણસથી લઈને રાજકારણીઓ, સાધુ-સંતો કોરોનાની ઝપેટે લાગી ગયા છે.

વિશ્વ વિખ્યાત કથાકાર જીગ્નેશ દાદાની નાદુરસ્ત તબિયતને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. જગવિખ્યાત કથાકાર જીગ્નેશ દાદાની સ્વાસ્થ્ય ખરાબ થઈ છે, જેના કારણે હાલ સુરત ખાતે જીગ્નેશ દાદાની સારવાર કરાઈ રહી છે. કથાકાર જીગ્નેશ દાદાના

અત્રે ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલા અને આસપાસના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વિશ્વ વિખ્યાત કથાકાર જીગ્નેશ દાદાની તંદુરસ્તી માટે સાવરકુંડલા ખાતે જપ શરૂ કરાયા છે. હાલ સુરત ખાતે જીગ્નેશ દાદાની સારવાર ચાલી રહી છે અને તેમની સાથે જોડાયેલા લોકો, પ્રશંસકો, અનુયાયીઓ તેઓ સ્વસ્થ થાય તેવી પાર્થના કરી રહ્યા છે.

## ટીંટોઈ એસબીઆઈના ત્રણ કર્મીઓ કોરોનામાં સપડાયા

# કોરોના કહેર વચ્ચે સ્ટેટ બેંકે ગ્રાહકોને કેવાયસી જમા કરાવવાના મેસેજથી ગ્રાહકોમાં આક્રોશ

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓનો દૈનિક કેસો ૧૪૦૦ પાર થઈ ગયા છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસે દિવસે સતત વધી રહ્યું છે ધીરે ધીરે બેંકના કર્મચારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે ત્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગ્રાહકોને બેંકે ગ્રાહકોને નવા ફોર્મની જરૂરિયાત સાથે ફરીથી કેવાયસી અપડેટ કરવા શાખા પ્રબંધકને જમા કરાવવાના મેસેજ થી ગ્રાહકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે ભિલોડા,ધનસુરાની બેંકના કર્મચારીઓ કોરોનામાં સપડાયા બાદ મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક સાથે ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમીત હોવાનું બહાર આવતા ટીંટોઈ સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે ત્રણે કર્મચારીઓને હોમકોરન્ટાઈન કરી બ્રાન્ચને સૅનેટાઇઝ કરવાની સાથે બેંકનું કામકાજ સ્થગીત કરવામાં આવ્યું છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ કોરોનાના રોકેટ ગતિએ વધતા સંક્રમણ વચ્ચે બેંકના ગ્રાહકોને કેવાયસી જમા કરાવવા અને ગ્રાહકનું નવું ફોર્મ ભરવાના મેસેજ કરતા હાલ બેંકોમાં ભારે ભીડ ઉમટી રહી છે કેવાયસી ઉપડેટ કરવા આવતા ગ્રાહકો અને બેંક કર્મચારીઓ પર કોરોના સંક્રમણનો ભય પેદા થયો છે સ્ટેટ બેંકના મેસેજથી ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે આ અંગે મોડાસા સ્ટેટ બેંકના અધિકારીનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે આ નિર્ણય ઉચ્ચકક્ષાએ થી લેવામાં આવ્યો હોવાનું અને દરેક ગ્રાહક માટે ફોર્મ અને કેવાયસી ઉપડેટ કરાવવું ફરજીયાત હોવાનું જણાવ્યું હતું કોરોના સંક્રમણ અંગે વાત કરતા અમે શું કરીએ ઉપરથી નિર્ણય લેવાયો હોવાનું જણાવ્યું હતું બેંક કર્મચારીઓ બેંકિંગની કામગીરી દરમિયાન સતત કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે ત્યારે ઉચ્ચકક્ષાએ થી ગ્રાહકો માટે કેવાયસી અને નવું ફોર્મ ભરાવવાની કામગીરી સુપર સ્પ્રેડર બની શકે છે . ટીંટોઈ એસબીઆઈ શાખાના ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમિત થતા આરોગ્ય તંત્રએ ત્રણે કર્મચારીઓની સ્થિતી સામાન્ય હોવાથી હોમકોરન્ટાઈન કરી દીધા છે બેંકનું કામકાજ ચાર દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે ત્યારે ટીંટોઈ એસબીઆઈ શાખામાં છેલ્લા સપ્તાહ દરમિયાન બેંકની કામગીરી માટે મુલાકાત લેનાર લોકો અને વૃધ્ધોમાં ભારે ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્રએ બેંક સૅનેટાઇઝ કરવાની સાથે બેંક વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા તજવીજ હાથધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી

## રમણીય રાણીટૂંક વર્ષાઋતુમાં ખીલી ઉઠ્યું

# વનરાજી વચ્ચે પહાડો માંથી વહેતા કુદરતી ઝરણાં ઓએ લોકોમાં આકર્ષણ જમાવ્યું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

જંગલ,રણ અને ડુંગરાળ વિસ્તાર ધરાવતા સરહદી બનાસકાંઠા જિલ્લામાં હાલ ના ચોમાસુ માહોલ માં કુદરતે જાણે છુટા હાથે પ્રકૃતિ વેરી હોય ધરતી પર લીલીછમ ચાદર પથરાઈ હોય તેવો અદભુત નજારો સર્જાયો છે અને વર્ષાઋતુને લઈ અરવલ્લીની ગિરિમાળામાં ઠેરઠેર કુદરતી ઝરણાં અને ધોધ સજીવન બની ને ખળખળ વહેવા લાગ્યા છે જેમાં દાંતીવાડા નજીક જેસોર અભયારણ્યના દુર્ગમ જંગલમાં આવેલ રાણીટૂંક પર્વત પર કુદરતી ઝરણું વહેવા લાગ્યું છે આ રાણીટૂંક પર્વત પર ૭૦૦ વર્ષ અગાઉ પાંડવોએ વનવાસ નો કેટલોક સમય વિતાવ્યો હતો અને શિવપૂજા ના નિત્યક્રમને જાળવી રાખવા માટે અહીં ભગવાન શિવ ની સ્થાપના કરી હતી જે શિવધામ અમરેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે જોકે હાલ વરસાદી મોસમ ને લઈ પર્વત પર વનરાજી ખીલી ઉઠી છે તેમજ ઝરણું ધોધ બની ની વહી રહ્યું હોઈ પ્રકૃતિ પ્રેમી લોકો આ રમણીય સ્થળની મુલાકાતે ઉમટી આનંદ વિભોર થઈ રહ્યા છે

જોકે આ રાણીટૂંક પર્વત પર વન વિભાગ દ્વારા લુપ્ત થઇ રહેલા કુદરતી સફાઈ કામદાર ગીધ પ્રજાતિ નો ઉછેર પણ કરાઇ રહ્યો છે જોકે સરકાર દ્વારા દુર્ગમ જંગલમાં આવેલ પ્રાચીન શિવધામ ને પ્રવાસનધામ તરીકે વિકસાવવામાં આવે તેવી લોક લાગણી જોવા મળી રહી છે

## રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દ્વારા

# વોર્ડ નં.૧૪ અને ૧૭ માં ડીજીટલ સભ્ય નોંધણી અભિયાન શરૂ કરાયું :અશોક ડાંગર

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદી જણાવે છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડા માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજયમાં ડીજીટલ સભ્ય નોંધણી અભિયાન શરુ કરવામાં આવેલ છે જે ઝુંબેશ અંતર્ગત રાજકોટ શહેરમાં વોર્ડ નં.૧૪ અને ૧૭ માં ડીજીટલ સભ્ય નોંધણી અભિયાન શરુ કરવામાં આવેલ છે.



જયારે ડીજીટલ સભ્ય નોંધણી અભિયાન શહેરમાં વોર્ડ નં.૧૪ અને ૧૭ માં ડીજીટલ સભ્યો નોંધણી અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ ઝુંબેશ માં વોર્ડના સંગઠનો દ્વારા બુથ વાઈઝ ડીજીટલ સભ્યો નોંધવા અંગે માર્ગદર્શન અને ટેકનીકલ તાલીમ આપવામાં આવેલ છે તેમાં વોર્ડ નં. ૧૪ અને ૧૭ ના વોર્ડના મુખ્ય આગેવાનો અને સેક્ટર સંયોજકોને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી અશોકભાઈ ડાંગર, વિરોધપક્ષ નેતા વશરામભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ડૉ. હેમાંગભાઈ વસાવડા, પૂર્વ શહેર પ્રમુખ મહેશભાઈ રાજપૂત, પૂર્વ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સદસ્ય પ્રદીપભાઈ ત્રિવેદી, પૂર્વ જીલ્લા પ્રમુખ દિનેશભાઈ ચોવટિયા આગેવાનીમાં બેઠક યોજાઈ હતી.

આ તકે ઉપસ્થિત મહિલા પ્રમુખ મનીષાબા વાળા, નરેશભાઈ સાગઠીયા, વોર્ડ અગ્રણી માણસુરભાઈ વાળા, રાજુભાઈ ચાવડીયા, બીજલભાઈ ચાવડીયા, વોર્ડ પ્રમુખ દર્શનભાઈ ગૌસ્વામી, કોર્પોરેટર ઘનશ્યામસિંહ જાડેજા, જયાબેન જયંતિલાલ ટાંક, ગાયત્રીબેન રસિકભાઈ ભટ્ટ, આગેવાનો દીપેનભાઈ ભગદેવ, રવિભાઈ ડાંગર, ગજેન્દ્રસિંહ ઝાલા, ચંદ્રેશભાઈ રાઠોડ, જીગ્નેશભાઈ વાગડિયા, રોહિતભાઈ બોરીચા, મયુરસિંહ પરમાર, સતુભા જાડેજા, પરસોતમભાઈ સગપરીયા, શૈલેશભાઈ રૂપાપરા, હિરલબેન રાઠોડ, ભાર્ગવભાઈ પઢીયાર, સવજીભાઈ ભંડેરી, વિગેરે વોર્ડ નં.૧૪ અને ૧૭ ના આગેવાનો કાર્યકરો જોડાયા હતા તેમજ સરકારશ્રીની ગાઈડલાઈનનો અમલ કરવામાં આવ્યો હતો.

# કોવિડ ૧૯ વોર્ડ માંથી કોરોના પોઝિટિવ આરોપી દર્દી ફરાર થતાં પોલીસ બેડા માં ભારે ધોડધામ મચી

સમી તાલુકા માં તાજેતર માં પ્રોહીબેશન ના ગુન્હા માં પકડાયેલો રાજસ્થાન ના આરોપી નો કોરોના પોઝિટિવ આવતા ૨૨.૯.૨૦ ના રોજ ધારપુર કોવિડ હોસ્પિટલમાં આરોપીઓ અને કેદીઓ માટે એક કોરોના વોર્ડ બનાવેલો છે જયાં પોલીસ બંદોબસ્ત વચ્ચે અત્યારે કુલ ત્રણ આરોપીઓ સારવાર લઈ રહ્યા છે.જેમાં સમી પોલિસ સ્ટેશન ના પ્રોહીબેશન ના ગુન્હા નો આરોપી ૨૨.૯ થી સારવાર હેઠળ હતો અને આવતીકાલે ડોકટરો ના જણાવ્યા પ્રમાણે કોરોના સારવાર માંથી સ્વસ્થ થતાં રજા પણ આપવાની હોઈ.આરોપી દર્દી ગત મોડી રાત્રે ૨ કલાકે તમામ સુઈ ગયા હોઈ લાભ ઉઠાવી સંડાસ ની લોખંડ ની ગ્રીલ અને કાચ તોડી બેડ પર રાખવાની ૫ થી વધુ ચાદરોની ગાંઠો મારી બિલ્ડીંગ ના પાછળ ના ભાગે ઉતરી ફરાર થવા માં સફળ રહ્યો હતો.જોકે સવારે પોલીસ દ્વારા તપાસ હાથ ધરતા આરોપી દર્દી ફરાર થઈ જવા ની જાણ થતાં નજીક ના બાલીસણા ને જિલ્લા પોલીસ સ્ટેશન માં જાણ કરતાં જિલ્લા ના ઇંચાર્જ સહિત ના અધિકારીઓ માં દોડધામ મચી છે..જોકે આરોપી હજુ સુધી મળી ન આવતાં પોલીસ દ્વારા હવા માં હવાતિયાં મારતી હોવા નું જાણવા મળી રહ્યું છે.જોકે કોરોના વોર્ડ પાસે સીસી ટીવી લગાવેલા હોઈ આ આરોપી અંગે શોધખોળ હાથ ધરી છે.




# સિદ્ધપુર તાલુકાના વિલેજ કમ્પ્યુટર ઓપરેટર દ્વારા ગ્રામ પંચાયતમાં કામગીરી શટડાઉન કરવામાં આવી




ગુરુવાર ના રોજ સિદ્ધપુર તાલુકાના ૫૩ ગ્રામ પંચાયત ના કમ્પ્યુટર સાહસિક (વી. સી. ઈ.) ને સરકાર દ્વારા મળતું કમિશન બંધ કરી પગાર આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. સિદ્ધપુર તાલુકાના વી. સી. ઈ. મંડળ ના પ્રમુખ ઠાકોર મુકેશભાઈ એ જણાવ્યું હતું કે છેલ્લા ૧૫ વર્ષ થી સિદ્ધપુર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં આવેલ પંચાયતમાં ખેડૂતો ના જમીનના ઉતારા, આવક ના દાખલા, સોગંદનામાં, જન્મ મરણ ના દાખલા જેવા વિવિધ સરકારી કામો ઓપરેટરો દ્વારા ઓછા કમિશન લઈને કાઢી આપવામાં આવે છે. આ કમિશન થી પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ પડે છે.

ગુજારત સરકાર પાસે અમે માગણી કરીએ છીએ કે આ કમિશન પ્રથા બંધ કરી પગાર આપવામાં આવે. હાલ કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે ગ્રામ પંચાયત માં ખેડૂતો નું કામ કરતા હોઈએ છીએ. ત્યારે કોરોના વોરિયરસ ગણી વિમા કવચ આપવામાં આવે. કમિશન પ્રથા બંધ કરી પગાર ચાલુ કરવામાં આવે. જન્મ મરણ ની એંટ્રી નું ચુકવણું કરવામાં આવે. જો આ માગણી સ્વીકારવામાં નહીં આવે તો તા. ૦૧-૧૦-૨૦૨૦ થી ગ્રામ પંચાયત માં કમ્પ્યુટર ઓપરેટર મોડેમ બંધ કરી અને ગ્રામ પંચાયત ની થતી તમામ કામગીરી બંધ કરી જલદ આંદોલન કરવામાં આવશે. તેઓ નિર્ણય કરવામાં આવ્યો હતો. અને સિધ્ધપુર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં સિદ્ધપુર વી. સી. ઈ. મંડળ ના પ્રમુખ મુકેશ ઠાકોર તથા ઉપ પ્રમુખ કિરીટ પરમાર તથા વી. સી. ઈ. મંડળ ના હોદ્દેદારો જોડાયા હતા.

# માણાવદરમાં થયેલ પેશકદમી સામે લેન્ડ ગ્રેબીંગ ધારા હેઠળ પગલાં ભરવા રજૂઆત

માણાવદરમાં ઠેર ઠેર ખાલી પડેલી સરકારી જમીનો ઉપર રાજકારણીઓની મીઠી નજર હેઠળ પેશકદમી થઈ છે અને હજી થઈ રહી છે. આ પેશકદમીઓને હટાવવા માણાવદર સહકારી મંડળી ના પ્રમુખ દેવજીભાઇ ઝાટકિયા એ એક દાયકા થી લડત ચલાવી રહયા છે. પણ નિર્ભર તંત્ર સરકાર ના દબાવને કારણે ચૂપ થઈ બેઠું છે

આ પ્રશ્ર્ન અન્વયે તાજેતરમાં દેવજીભાઇ ઝાટકિયા એ જિલ્લા કલેક્ટર જૂનાગઢ ને એક પત્ર લખી સરકારની રેવન્યુ જમીન પર થયેલ દબાણ દૂર કરવા માટે લેન્ડ ગ્રેબીંગ ધારા- વીસ હેઠળ પગલાં ભરવા રજૂઆત કરી છે

તેમણે જૂનાગઢ જિલ્લા કલેક્ટર ને જણાવ્યું છે કે સરકારની રેવન્યુ જમીન કે જે સરકારી હાઈસ્કૂલની પાસે આવેલ છે તે જમીન પર ગેરકાયદેસર પેશકદમી અંગે ૨૫ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ માણાવદર મામલતદાર ને લેખિત જાણ કરી પગલાં ભરવા રજૂઆતો કરી છે અને મામલતદારે સનદ નં. ૫૭૭/૧ ની જમીન પર પેશકદમી થયેલ હોવાનું સ્વીકાર્યું છે. અને અમારી તરફેણમાં ચુકાદો ૨૦ ઓગસ્ટ ૨૦૧૮ મા આવેલ તેની સામે પેશકદમી કરનારે નાયબ કલેક્ટર વંથલી ને અપીલ કરેલ પરંતુ તે હારી ગયેલ છે. તો આપ સાહેબ આ પેશકદમી પ્રશ્ર્ને પરત્વે સરકારે તાજેતરમાં પસાર કરેલ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ જવબદારો સામે પગલાં ભરી પેશકદમી દૂર કરવા કરવા આગળ આવો એ જ યથાર્થ લેખાશે એમ ઝાટકિયા એ જણાવ્યું છે.

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# પાલનપુરના સિમલાગેટ વિસ્તારમાં મારામારી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરમાં અવાર નવાર ચોરી મારામારી સહિતના બનાવો સામે આવતા હોય છે. ત્યારે આજે પાલનપુરના સિમલા ગેટ રોડ પર વહેલી સવારે એક સમાજના બે પક્ષો સામાન્ય બાબતે બોલાચાલી થયા બાદ સામ સામે આવી ગયા હતા અને એકબીજાને લાકડી સહિતના હથિયારોથી માર મારવા લાગતા ભરચક બજાર વિસ્તારમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે બજારમાં ઉપસ્થિત લોકોએ દોડીને મામલાને થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ૨૦ મિનિટ સુધી એકબીજાને માર મારવાની આ ઘટના યથાવત જોવા મળી હતી.

જેને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે આ ઘટના સમયે પોલીસ જવાનો નજરે પડ્યા ન હતા. આ ઘટના સિમલાગેટ વિસ્તારમાં બની હતી અને નજીકમાં પોલીસ ચોકી હોવા છતાં પણ ૨૦ મિનીટ સુધી આ બબાલ ચાલી ત્યાં સુધી પોલીસના જવાનો નજરે ન પડતા અનેક સવાલો પણ ઉઠ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.